# ટૂંકી મુદ્દતનો પ્રશ્ન

તા.૨૩/૦૯/૨૦૨૦

સુરેન્દ્રનગર જીલ્લામાં પાક નુકસાનીના સર્વેની કામગીરી બાબત

ટૂં.મુ.૩૩ શ્રી નૌશાદ સોલંકી (દસાડા) : માનનીય મંત્રીશ્રી (કૃષિ) જણાવવા કૃપા કરશે કે :

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તાજેતરમાં અતિ ભારે વરસાદના કારણે પાક નુકસાનીના સર્વેની જાહેરાત રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ છે તે હકીકત તા.૧૬-૯-૨૦૨૦ની સ્થિતિએ સાચી છે, | (૧) | હા, જી. |
| (૨) | તે અન્વયે સુરેન્દ્રનગર જીલ્લામાં પાક નુકસાનીનો સર્વેની કામગીરી કોને સોંપવામાં આવેલ છે, | (૨) | જે અન્વયે પાક નુકસાનીના સર્વેની કામગીરી જીલ્લા વહીવટી તંત્ર દ્વારા ટીમો બનાવી હાથ ધરવામાં આવેલ છે. જેમાં ખેતીવાડી વિભાગના વિસ્તરણ અધિકારીશ્રી, ગ્રામસેવકોશ્રીઓ તેમજ સબંધિત ગામોના તલાટી-કમ-મંત્રીશ્રી (પંચાયત) અને તલાટી-કમ-મંત્રીશ્રી (રેવન્યુ) નો સમાવેશ થાય છે. |
| (૩) | ઉક્ત જીલ્લામાં તાલુકાવાર કેટલા ગામોનો સર્વે હાથ ધરીને ક્યાં સુધીમાં પુર્ણ કરવામાં આવશે. | (૩) | અસરગ્રસ્ત તમામ ગામોનો સર્વે હાથ ધરી શક્ય તેટલા વહેલા પૂર્ણ કરવામાં આવશે. |